# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-07-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1. રાજ્યમાં ચાલુ વર્ષે 501 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ બંધના સમારકામની કામગીરી હાથ ધરાશે.
2. ધોળાવીરાથી સાંતલપુર સુધીના 106 કિલોમીટરના માર્ગને 575 કરોડથી વધુ રૂપિયાના ખર્ચે દ્વિ માર્ગીય કરાશે
3. ગુજરાત, શેરબજારમાં એક કરોડથી વધુ રોકાણકાર ધરાવતું દેશનું ત્રીજું રાજ્ય બન્યું
4. રાજ્યના 181 તાલુકામાં મેઘમહેર - ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી
5. કચ્છ જિલ્લાના ભુજમાં રમાયેલી 54મી સિનિયર મહિલા હેન્ડબોલ રાષ્ટ્રીય સ્પર્ધાની ફાઈનલમાં પંજાબ વિજેતા

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT DAM SAFETY

રાજ્યમાં ચાલુ વર્ષે બંધ સલામતી સત્તામંડળના માર્ગદર્શનમાં 501 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ બંધ-જળાશયોના સમારકામની કામગીરી હાથ ધરાશે. જળ સંપત્તિ વિભાગની યાદીમાં જણાવ્યાઅનુસાર આ કામગીરીઓમાં બંધના દરવાજાનું કલર કામ, સ્પિલ વે મરામત, માટી પાળાની મરામત, સુરક્ષા કેબીનના કામ તેમજ બંધ સલામતી સંબંધિત  કાર્યોનો સમાવેશ થાય છે.

જળ સંપત્તિ વિભાગ હેઠળ 19 મોટા, 90 મધ્યમ અને એક હજાર 5 નાના બંધ મળી કુલ એક હજાર 115 બંધ આવેલા છે, જેમાંથી 524 સ્પેસીફાઈડ ડેમ જ્યારે અન્ય વિભાગના 8 સ્પેસીફાઈડ ડેમ છે. આ સ્પેસીફાઈડ ડેમને ડેમ સેફ્ટી એક્ટ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં 699 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ બંધનું સમારકામ અને જાળવણીના કામો કરાયા હતા.

. . . . . . . . . . .

# KUTCH HIGHWAY

રાજ્યમાં ધોળાવીરાથી સાંતલપુર સુધીના 106 કિલોમીટર લાંબા રાષ્ટ્રીય ધોરીમાર્ગને 575 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે દ્વિ માર્ગીય કરવાની મંજૂરી અપાઈ છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ સોશિયલ મીડિયા પર માહિતી આપતા જણાવ્યું, આ ભાગ કચ્છના રણને જોડતી એક મહત્વપૂર્ણ વ્યૂહાત્મક કડી બનાવે છે.

આ પરિયોજના કચ્છના દૂરના અને શુષ્ક વિસ્તારો તેમજ રાજ્યના બાકીના ભાગોને જોડશે. આ પરિયોજના થકી યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરામાં પ્રવાસન પ્રવાહમાં નોંધપાત્ર વધારો થશે. તેમજ કચ્છના ખનિજ અને મીઠા ઉદ્યોગો માટે કોરિડોર બનશે. શ્રી ગડકરીએ ઉમેર્યું કે આ યોજના થકી ટ્રાફિકમાં ઘટાડો થશે, માર્ગ સલામતી વધશે અને વાહન સંચાલન ખર્ચમાં ઘટાડો થશે.

. . . . . . . . . . .

# MEHSANA OBESITY

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા નગરપાલિકા હૉલ ખાતે આજે ડાયાબિટીસ અને મેદસ્વિતા મુક્ત મહેસાણા ફિટ ઈન્ડિયા કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યની મેડિકલ કોલેજોમાં અઠવાડિયામાં બે દિવસ મેદસ્વિતાની વિશેષ OPD શરૂ કરવા અનુરોધ કર્યો હતો.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાતના આ મહાઅભિયાનને મહેસાણા મહાનગરપાલિકાએ અમલમાં મુકવા પ્રથમ તબક્કામા 901

લોકોની માહિતી એકત્ર કરી હતી. બીજા તબક્કામાં આ તમામ વ્યક્તિઓને નિષ્ણાંત દ્વારા માર્ગદર્શન અપાયું હતું.

. . . . . . . . . . .

# GUJ-NSE INVESTORS

ગુજરાત શેરબજારમાં એક કરોડથી વધુ રોકાણકાર ધરાવતું ત્રીજું રાજ્ય બન્યું છે. નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ-NSEના ડેટા પ્રમાણે એક કરોડ નોંધાયેલા રોકાણકાર સાથે મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ બાદ ગુજરાત ત્રીજું રાજ્ય બન્યું છે. આ ત્રણેય રાજ્યો મળીને દેશનાં કુલ રોકાણકારોનો 36 ટકા હિસ્સો ધરાવે છે.

એનએસઇના ડેટા પ્રમાણે મે, 2025 સુધીમાં દેશમાં નોંધાયેલા રોકાણકારોની સંખ્યા 11 કરોડ 50 લાખ છે. મે મહિનામાં જ એપ્રિલની સરખામણીમાં નવ ટકા વધારા સાથે વધુ 11 લાખ નવા રોકાણકારો નોંધાયા હતા.

પ્રદેશ પ્રમાણે સૌથી વધુ ચાર કરોડ 20 લાખ રોકાણકારો ઉત્તર ભારતમાં છે, જ્યારે ત્રણ કરોડ 50 લાખ સાથે પશ્ચિમ ભારત બીજા ક્રમે છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube

ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.................................

# GUJARAT RAIN

રાજ્યમાં આજે 181 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં ઉત્તર ગુજરાતમાં આજે ભારે વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા અને બનાસકાંઠા તથા મહેસાણામાં મુશળધાર વરસાદ ખાબક્યો હતો. આજે સવારના 6 વાગ્યાથી 6 વાગ્યા સુધીમાં સાબરકાંઠાના ઇડરમાં સૌથી વધુ સાડા પાંચ ઇંચ વરસાદ નોંધાયો છે. સાંભળીએ અમારા પ્રતિનિધિ યોગેશ સથવારાનો અહેવાલ..

(વોઇસ કાસ્ટ : યોગેશ સથવારા-સાબરકાંઠા)

આ ઉપરાંત બનાસકાંઠાના ધાનેરામાં અને રાજકોટના જામકંડોરણામાં સાડા ચાર ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જ્યારે જામનગરના જોડિયા અને લાલપુર તેમજ સુરેન્દ્રનગરના ચુડા અને વઢવાણમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ પડતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા.

રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો 36 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. રાજ્યના 21 જળાશયો હાઇએલર્ટ પર છે. જ્યારે 14 જળાશય એલર્ટ પર છે. જામનગર નજીકના રંગમતી ડેમના બે દરવાજા 2 ફૂટ ખોલાતા નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોને એલર્ટ કરાયા છે.

ભારે વરસાદને કારણે રાજ્યમાં કુલ 100 જેટલા માર્ગ બંધ કરાયા છે.

. . . . . . . . . . .

## WEATHER FORECAST

આજે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને જામનગરમાં ભારેથી અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે રાજ્યમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થવાથી રાજ્યમાં આગામી સાત દિવસ ભારે વરસાદની શક્યતા છે

(બાઇટ: રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક)

આવતીકાલે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, અમરેલી, ભાવનગર, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં ભારે વરસાદની આગાહી છે.

. . . . . . . . . . .

## AMBAJI SEED BALL

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ આજે અંબાજી ખાતે સતત પાંચમાં વર્ષે "સીડબોલ ફોર ગ્રીન વોલ" અભિયાનનો પ્રારંભ કરાવ્યો. બનાસકાંઠા જિલ્લામાં 'અરવલ્લી ગ્રીનવોલ' રચવાના હેતુથી ગબ્બર, અંબાજી ખાતે બનાસ ડેરી, વન વિભાગ અને સ્વયં સેવકોના સહયોગથી આ અભિયાનનો પ્રારંભ થયો છે. જે અંતર્ગત જુલાઈ મહિના દરમિયાન અરવલ્લીના પર્વતો પર એક કરોડથી વધુ સીડબોલનું વાવેતર કરાશે.

આ પ્રસંગે શ્રી ચૌધરીએ જણાવ્યું કે, અંબાજી સહિત જેસોર પર્વત પર સીડબોલનું શ્રેષ્ઠ પરિણામ મળ્યું છે.

(બાઇટ: શંકર ચૌધરી, વિધાનસભા અધ્યક્ષ)

. . . . . . . . . . .

# VIJAYA RAHATKAR

રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ વિજયા રહાટકરના અધ્યક્ષસ્થાને અમદાવાદ જિલ્લાનો 'જન સુનવણી' કાર્યક્રમ શાહીબાગમાં યોજાયો. જેમાં ફરિયાદી મહિલાઓએ અધ્યક્ષ સમક્ષ પોતાની રજૂઆત કરી. આ કાર્યક્રમમાં 40 ફરિયાદોની સુનાવણી કરવામાં આવી હતી. જેમાં 6 ફરિયાદોનો સુઓ મોટો દ્વારા નિકાલ કરવામાં આવ્યો હતો. અન્ય

ફરિયાદોમાં પારિવારિક સમસ્યાનું સમાધાન લાવવા, ચાર્જશીટ ફાઇલ કરવા અને અમુક ફરિયાદોને રાજ્ય મહિલા આયોગ સમક્ષ રજૂ કરવા માટેનું સૂચન કરવામાં આવ્યું હતું.

આ અગાઉ તેમણે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . .

## PANCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લાના હાલોલ નજીક બાઇક અને મોપેડ વચ્ચે અકસ્માત થતાં બેનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે મોપેડ સવાર દંપતીને ગોપીપુરા ચોકડી પાસે સામેથી આવતી બાઇક સાથે અકસ્માત થયો હતો. જેમાં ઇજાગ્રસ્ત દંપતીને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન બંનેનું મોત થયું હતું. ઘટનાને પગલે પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધ્યો છે.

. . . . . . . . . . .

## KUTCH HANDBALL

કચ્છ જિલ્લાના ભુજમાં રમાયેલી 54મી સિનિયર મહિલા હેન્ડબોલ રાષ્ટ્રીય સ્પર્ધાની ફાઈનલમાં પંજાબ વિજેતા બન્યું છે. જ્યારે ગુજરાતની ટીમ બની રનર્સઅપ થઈ છે. અગાઉ, લીગ રાઉન્ડ અને નોકઆઉટ

હરીફાઈ બાદ આજે સ્પર્ધાની ફાઈનલ પંજાબ અને ગુજરાતની ટીમો વચ્ચે રમાઈ હતી. જેમાં ગુજરાતને હાર આપી પંજાબની ટીમે ખિતાબ જીત્યો હતો. ફાઈનલ બાદ વિજેતા અને રનર્સઅપ ટીમ, તેમજ સ્પર્ધામાં નોંધપાત્ર દેખાવ કરનાર ખેલાડીઓને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

. . . . . . . . . . .

# DIU KARATE TOURNAMENT

રાજસ્થાનમાં યોજાયેલી 17મી રાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના 6 ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું. આ ખેલાડીઓની ટીમે 8 ચંદ્રક જીત્યા હતા. જેમાં 3 સુવર્ણ, એક રજત અને 4 કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

મૈત્રી કાવાને બે સુવર્ણ ચંદ્રક જીતવાની સાથે, ટુર્નામેન્ટના શ્રેષ્ઠ પ્રદર્શનકારનો ખિતાબ પણ મળ્યો. હેત્વી રાઠોડે એક સુવર્ણ અને એક રજત ચંદ્રક તેમજ મનસ્વી ચૌહાણ, દેવર્ષી ચુડાસમા, વિવાન વાઘેલા અને નવ્યા કાપડિયાએ કાંસ્ય ચંદ્રક જીત્યો હતો. બિકાનેરમાં યોજાયેલી આ સ્પર્ધામાં દેશના 12 રાજ્યોમાંથી કુલ 411 સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

. . . . . . . . . . .